ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૧૭, સને.૨૦૨૬-૨૭

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં,મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી રસ્તા અને મકાનના કામોના કુલ રૂા.૧૨૪૯.૦૯ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે.ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઈજનેરશ્રી,મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબમીશનની તારીખ.	તા.૨૩/૧૧/૨૦૨૬ થી તા.૦૨/૧૨/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન)	તા.૦૩/૧૨/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૬૪૭/૨૬)

અનુસંધાન ... પાના પહેલાનું

'ઓપરેશન સિંદૂર'માં...

પણ ઓળખાવવામાં આવ્યું છે. સીધી અમેરિકી કોંગ્રેસને રિપોર્ટ કરતી આ સમિતિએ કહ્યું, "ભારત અમેરિકી જોડાણ પ્રણાલીની બહારની એવી જૂજ શક્તિઓમાંની એક છે, જે ચીન સાથેની લાંબા ગાળાની સ્પર્ધાને નક્કર રીતે પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે." ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ દિવસ સુધી ચાલેલા સંઘર્ષનો આ અહેવાલમાં વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, આ સંઘર્ષે દર્શાવ્યું કે ચીન પોતે સીધા યુદ્ધમાં ઉતર્યા વિના સંકટ સમયે તેના સદાબહાર મિત્ર પાકિસ્તાનને કેવી રીતે મજબૂત બનાવી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે, "પાકિસ્તાન સાથે ચીનની વિકસતી સૈન્ય ભાગીદારીએ ભારત માટે બે મોરચે યુદ્ધની સ્થિતિને એક અત્યંત ગંભીર ચિંતાનો વિષય બનાવી દીધી છે." આ વર્ષની શરૂઆતમાં, ચીને પ્રથમ વખત જાહેરમાં સ્વીકાર્યું હતું કે તેણે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને સ્થળ પર જ ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. આ પંચે અરૂણાચલ પર ચીનના દાવા અને હિંદ મહાસાગરમાં તેના નૌકાદળની વધતી હાજરીએ ભારતની સુરક્ષા માટે ચિંતાની બાબત ગણાવી છે.

ભારતીય લશ્કર...

એ GeM પર જાહેરમાં ઉપલબ્ધ બિડ દસ્તાવેજોનો વ્યાપક અભ્યાસ કર્યો, જેમાં જાણવા મળ્યું કે ભારતીય સેનાની ખરીદી માટેની બિડ્સમાં EMAX, RunCam, SpeedyBee, RadioMaster, T-Motor, GEPRC અને HGLRC સહિત ચીન સાથે જોડાયેલી બ્રાન્ડ્સના ઉત્પાદનોનો ઉલ્લેખ છે એમ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું.

કુશળ કામદારોની...

તેમણે વધુમાં કહ્યું, અંગ્રેજો વધુ ચતુર હતા. તેમણે પોતાની રીતો બદલી. લોર્ડ મેકોલેએ એવી શિક્ષણ પ્રણાલી લાદી જેણે આપણી કૌશલ્ય-આધારિત પ્રણાલીને માત્ર કારકુનો પેદા કરવા સુધી સીમિત કરી દીધી. તેમણે કહ્યું કે આઝાદી પછી પણ કારકુની નોકરીઓ પર જ ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યારે કૌશલ્ય વિકાસ અને પરંપરાગત કારીગરી સતત પાછળ ધકેલાતી રહી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નોકરીઓ છીનવી લેશે તેવી વધતી જતી ચિંતા અંગે મોદીએ કહ્યું, AI વિશે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, પરંતુ યાદ રાખો કે જે વ્યક્તિ પાસે કૌશલ્ય છે તેની રોજીરોટી કોઈ છીનવી શકતું નથી. તેમણે કહ્યું કે ભારત હવે વિશ્વનું સ્કિલ કેપિટલ બનવા તરફ આગળ વધી રહ્યું છે.

વૈષ્ણોદેવી યાત્રામાં...

આંકડાને પાર કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કુમારે આશાવાદ વ્યક્ત કરતાં કહ્યું કે, યાત્રા હજી ચાલુ છે અને આગામી એક મહિનામાં ચિત્ર વધુ સ્પષ્ટ થશે. તેમણે ભક્તોને મોટી સંખ્યામાં ધામની મુલાકાત લેવા અને માતા વૈષ્ણોદેવીના આશીર્વાદ લેવા અપીલ પણ કરી હતી.

ઓનલાઈન મંગાવેલ...

આ પ્રોડક્ટના કારણે જ કિડનીની આ બીમારી થઈ છે. તરૂણીએ જણાવ્યું કે તેણે સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે કંપનીને જાણ કરી હતી પરંતુ કોઈ હકારાત્મક પ્રતિસાદ મળ્યો ન હતો. તરૂણીના પરિવારે ગ્રાહક અદાલત સમક્ષ કંપની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેઓ કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા હોવાથી તેમણે ક્રીમનું નામ જાહેર કર્યું નથી.

બાંગ્લાદેશમાં...

હતું કે, શુક્રવારે અવામી લીગના સભ્યો – નરૈલ-૧ ના ભૂતપૂર્વ સાંસદ બીએમ કબીરુલ હક મુક્તિના પૈતૃક નિવાસસ્થાન અને કાલિયા નગરપાલિકાના ભૂતપૂર્વ મેયર ફકીર લિટનના નિવાસસ્થાન પર હુમલો કરવામાં આવ્યો હતો. ફાયર સર્વિસે આશરે ૨૦થી ૩૦ રહેણાંક મકાનોને નુકસાન થયું હોવાનું જણાવ્યું છે.

નેપાળના વડા પ્રધાન બાલેન શાહની મુલાકાત ભારત માટે બહુ મહત્ત્વની બની રહેશે



ભારતને તેની ચારેય દિશામાં નઠારા પડોશીઓ મળ્યા છે. ઉત્તર દિશામાં આવેલું નેપાળ ક્યારેક ભારતનું મિત્ર બની જાય છે તો ક્યારેક તેને દુશ્મન બનતાં વાર નથી લાગતી. નેપાળના રાજકારણીઓને ભારત સરકાર સાથે જરાક પણ વાંકું પડે ત્યારે તેઓ ચીનની સોડમાં ચાલ્યા જાય છે અને ભારત સામે ઘૂરકિયાં કરે છે. જો કે, નેપાળની બહુમતી પ્રજા હિંદુ હોવાથી ભારત સાથેનો તેનો નાતો બહુ જૂનો છે. નેપાળમાં સત્તા પરિવર્તન થયા પછી રાજદ્વારી વર્તુળોમાં ઉત્સુકતા હતી કે વડા પ્રધાન બાલેન શાહ ક્યારે ભારતની મુલાકાત લેશે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ માર્ચમાં તેમને આમંત્રણ આપ્યું હતું અને બાલેન શાહે તેનો સ્વીકાર કર્યો હતો. જો કે, મુલાકાતની તારીખો અંગે અનિશ્ચિતતા ઘણા મહિનાઓ સુધી ચાલુ રહી હતી. આ વિલંબને કારણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં થોડો તણાવ પણ સર્જાયો હતો. હવે, ૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ બાલેન શાહની ભારત મુલાકાતની સત્તાવાર પુષ્ટિ સાથે આ અટકળો પર વિરામ લાગી ગયો છે.

બાલેન શાહ એક રેપ સિંગર છે, જે રાજધાની કાઠમંડુના મેયર બન્યા હતા અને યુવા ચળવળને પગલે ચૂંટણી દ્વારા સત્તામાં આવ્યા હતા. નેપાળ અને નેપાળની બહારના નિષ્ણાતો તેમને એક અપરંપરાગત રાજકારણી માને છે. નેપાળમાં છેલ્લી સામાન્ય ચૂંટણીઓમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ સત્તાના રાજકારણમાં નિર્ણાયક સ્થાન મેળવ્યું હોવાથી કેટલાક પક્ષના નેતાઓ માને છે કે નેપાળમાં ભારત વિરોધી રાષ્ટ્રવાદનો યુગ સમાપ્ત થઈ ગયો છે. માર્ચ ૨૦૨૬ માં સત્તા સંભાળનારા બાલેન શાહે ભોટેકોશી નદીમાં આવેલાં વિનાશક પૂર પછી વૈશ્વિક મંચ પર નેપાળનો દૃષ્ટિકોણ રજૂ કરવા માટે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં હાજરી આપી હતી. એવું કહેવાય છે કે સત્તા સંભાળ્યા પછી તરત જ તેમણે ભારતનું આમંત્રણ સ્વીકાર્યું હતું અને હવે તેમણે પોતાની દ્વિપક્ષીય વિદેશ મુલાકાતના પ્રથમ પડાવ તરીકે ભારતને પસંદ કર્યું છે. રાજદ્વારી નિષ્ણાતો કહે છે કે બાલેન શાહની સત્તાવાર મુલાકાત પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. નેપાળના લગભગ તમામ વડા પ્રધાનો ભારતની મુલાકાત દ્વારા તેમની વિદેશ યાત્રાનો પ્રારંભ કરતા હોય છે. જો કે, ૨૦૨૪ માં કેપી શર્મા ઓલીએ પ્રથમ વખત ચીનની મુલાકાત લઈને આ પરંપરા તોડી હતી. બાલેન શાહની ભારત મુલાકાત આ પરંપરાગત રાજદ્વારી વ્યવસ્થાને ફરીથી સ્થાપિત કરવા અને બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવને ઉકેલવા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૩ નવેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાલેન શાહ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજાશે. ભારત માટે નેપાળ ફક્ત એક પડોશી દેશ નથી, પરંતુ તેના ઉત્તરીય સુરક્ષા તંત્રનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. ભારત અને નેપાળ લગભગ ૧,૮૫૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. બંને દેશો ઊંડા સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોથી જોડાયેલા છે. નેપાળની રાજકીય સ્થિરતા અને ભારત પ્રત્યે તેની સરકારનું વલણ ભારતની આંતરિક સુરક્ષા અને તેની હિમાલય પર્વત આસપાસની સરહદોની વ્યૂહાત્મક સ્થિતિ ઉપર સીધી અસર કરે છે. આ સમગ્ર સમીકરણમાં ચીનની ભૂમિકાને અવગણી શકાય નહીં. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ચીને માળખાગત સુવિધાઓ, માર્ગ, રેલ, ઊર્જા અને આર્થિક રોકાણો દ્વારા નેપાળમાં તેની હાજરીને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. નેપાળનું ભૌગોલિક સ્થાન તેને ભારત અને ચીન બંને માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ બનાવે છે.

બાલેન શાહની નવી સરકાર સાથે મજબૂત રાજકીય અને આર્થિક ભાગીદારી સ્થાપિત કરવી એ ભારતની 'પડોશી પ્રથમ' નીતિ માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હશે. ભારત નેપાળની વિકાસ જરૂરિયાતોમાં તેની ભૂમિકા સૌથી અસરકારક અને વિશ્વસનીય રહે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે. આ મુલાકાતના એજન્ડામાં હવાઈ જોડાણ પણ એક મુખ્ય મુદ્દો છે. નેપાળ લાંબા સમયથી ભૈરહવા, અયોધ્યા અને જનકપુર વચ્ચે સીધા રેલવે જોડાણનો પ્રસ્તાવ ધાર્મિક પ્રવાસનને વેગ આપી શકે છે અને બંને દેશો વચ્ચેના જાહેર સંબંધોને મજબૂત બનાવી શકે છે. આ મુલાકાતનો બીજો મહત્ત્વપૂર્ણ મુદ્દો સરહદ વિવાદ છે. કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા જેવા વિસ્તારો પર બંને દેશો વચ્ચે લાંબા સમયથી મતભેદો છે. વધુમાં, અગ્નિવીર પ્રોજેક્ટ પછી નેપાળી ગોરખા સૈનિકોને ભારતીય સેનામાં ભરતી કરવાનો મુદ્દો, વેપાર અસંતુલન અને પંચેશ્વર પ્રોજેક્ટ પણ એવા મુદ્દાઓ છે, જેના માટે નક્કર ઉકેલોની જરૂર છે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) ના પ્રમુખ રવિ લામિછાને અને નેતા બાલેન શાહને ગયા ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં બે તૃતીયાંશ બેઠકો જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. એવા અહેવાલો પણ હતા કે સત્તા સંભાળ્યા પછી તરત જ બાલેન શાહે પ્રોટોકોલનો હવાલો આપીને ભારતીય વિદેશ સચિવને મળવાનો સમય આપ્યો ન હતો, જેના કારણે વિદેશ સચિવની કાઠમંડુ મુલાકાત પણ રદ કરવી પડી હતી. ભારતમાં બાલેન શાહ વિશે ખૂબ ઓછી માહિતી છે. બાલેન શાહનાં ભૂતકાળનાં કેટલાંક જાહેર નિવેદનોએ ભારતમાં શંકાનું વાતાવરણ ઊભું કર્યું છે. તેઓ ભારતમાં બહુ જાણીતા વ્યક્તિ નથી. ભારતની આ મુલાકાત રાજકીય અને વિદેશ નીતિના મોરચે તેમની પહેલી મોટી કસોટી હશે. નેપાળી સંસદમાં સરહદ વિવાદની ચર્ચા દરમિયાન તેમની પૃષ્ઠભૂમિ અને તેમનાં નિવેદનોને જોતાં તેમણે ગ્રેટર નેપાળની વાત કરી હતી. જો તેમની કલ્પનાનું ગ્રેટર નેપાળ બને તો તેમાં ભારતની ભૂમિનો પણ સમાવેશ થઈ જાય તેમ છે. અન્ય વિદેશી નેતાઓની જેમ, તેમણે પણ ભારતની આકરી ટીકા કરી છે. આ જ કારણ છે કે ભારતમાં તેમના વિશે એક પ્રકારનો અવિશ્વાસ છે. તેમના વ્યક્તિત્વ વિશે રહસ્યની ભાવના પણ છે. તે જ સમયે, તેમને જાણવા અને સમજવાની ઉત્સુકતા પણ છે. એ સ્પષ્ટ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાલેન શાહ વચ્ચેની મુલાકાતનો વ્યાપ સરળ રાજદ્વારી ઔપચારિકતાઓ કરતાં ઘણો મોટો છે. ભારત પાસે નેપાળ સાથેના તેના ઐતિહાસિક સંબંધોને નવી આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવાની તક છે. બાલેન શાહ સામે એ દર્શાવવાનો પડકાર છે કે તેમની નવી સરકાર નેપાળનાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરતી વખતે ભારત સાથેના સંબંધોને પરિણામલક્ષી દિશા આપી શકે છે. હિમાલય ક્ષેત્રમાં ચીનની વધતી જતી પ્રવૃત્તિ વચ્ચે નેપાળ સાથે ભારતની મજબૂત ભાગીદારી ફક્ત દ્વિપક્ષીય સંબંધોનો મુદ્દો નથી, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયામાં શક્તિ સંતુલનનો પ્રશ્ન પણ છે. આ જ કારણ છે કે ૨૩ નવેમ્બરે નવી દિલ્હીમાં યોજાનારી વાટાઘાટો પર કાઠમંડુથી બેઇજિંગ સુધી નજીકથી નજર રાખવામાં આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.



બાલેન શાહે સત્તા સંભાળ્યા પછી તરત જ પ્રોટોકોલનો હવાલો આપીને ભારતીય વિદેશ સચિવને મળવાનો સમય આપ્યો ન હતો, જેના કારણે વિદેશ સચિવની મુલાકાત રદ કરવી પડી હતી









ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

જાહેરાત ક્રમાંકઃ- ૦૩/૨૦૨૬-૨૭ ગ્રામસેવક સંવર્ગની CBRT (Computer Based Response Test) પધ્ધતિથી MCQ (Multiple Choice Question) પ્રકારના હેતુલક્ષી પ્રશ્નોવાળી યોજનાર સ્પર્ધાત્મક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની જાહેરાત

જાહેરાત ક્રમાંકઃ- ૦૩/૨૦૨૬-૨૭ ગ્રામસેવક સંવર્ગની CBRT (Computer Based Response Test) પધ્ધતિથી MCQ (Multiple Choice Question) પ્રકારના હેતુલક્ષી પ્રશ્નોવાળી સ્પર્ધાત્મક પરીક્ષા યોજનાર છે.જે અંગેનો કાર્યક્રમ મંડળની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. મંડળ દ્વારા સદર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન ૦૨ શિફ્ટમાં કરવામાં આવેલ છે.આ પરીક્ષા માટે નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન ઉમેદવારે પોતાના ઓનલાઈન પ્રવેશપત્ર-કમ-હાજરીપત્રક (કોલલેટર/હોલ ટિકિટ) અને તેની સાથેની ઉમેદવારો માટેની સૂચનાઓ મંડળની વેબસાઈટ https://gpssb.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી, પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

જાહેરાત ક્રમાંક	સંવર્ગનુ નામ	પરીક્ષાની તારીખ	પરીક્ષાનો સમય	કોલલેટર/હોલટિકિટ/પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો સમયગાળો	
				From	To
૦૩/૨૦૨૬-૨૭	ગ્રામસેવક	તા.૦૬/૧૨/૨૦૨૬ (રવિવાર)	Shift 1 :સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાક	તા.૨૨/૧૧/૨૦૨૬ (રવિવાર) બપોરે ૧૨:૦૦ કલાકથી	તા. ૬/૧૨/૨૦૨૬ (રવિવાર) બપોરે ૦૨:૪૫ કલાક સુધી
			Shift 2 :બપોરે ૧૫:૦૦ થી ૧૮:૦૦ કલાક		

નોંધઃ- સદર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા એક થી વધુ શિફ્ટમાં આયોજન કરવામાં આવનાર હોઈ, સદર પરીક્ષામાં ઉમેદવારોના હિતમાં સર્વસ્વીકૃત Equi-Percentile Normalization Method લાગુ પાડવા મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.જેની નોંધ સંબંધિત ઉમેદવારોએ લેવા વિનંતી છે તેમજ આ અંગેની વિગતવાર સૂચનાઓ મંડળ દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(૧) ઉમેદવારે કોલલેટર/પ્રવેશપત્રમાં દર્શાવેલ સૂચનાઓ તેમજ તેની પાછળ આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી, તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨) ઉમેદવારે ડાઉનલોડ કરેલ કોલલેટર/હોલટિકિટ/પ્રવેશપત્રની પ્રિન્ટ નકલ અને પોતાની ઓળખના અસલ પૂરાવા સાથે પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર ખાતે અચૂક હાજર રહેવાનું રહેશે. તેની દરેક ઉમેદવારે ખાસ નોંધ લેવી.

"મંડળના આદેશાનુસાર"

તા.૨૨/૧૧/૨૦૨૬

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

માહિતી/૧૮૮૧/ ૨૦૨૬-૨૭

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

પીપલોદ {સં. અને નિ} વિભાગીય કચેરી

પહેલો માળ,ઈ-સ્પેસની સામે,ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા,-ન્યુ વી.આઈ.પી.રોડ,ભરથાણા-વેસુ,સુરત-૩૯૫૦૦૭

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન ની અગત્યની સમારકામ ,RDSS તથા એનડી ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા તમામ ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

સબ સ્ટેશન	ફીડર	સબ ડીવીઝન	વિસ્તાર	ફોલ્ટ સેન્ટર નં	તારીખ	સમય
જીઆવ	૧૧કે.વી ઉમિયાનગર	વડોદ	ઉમિયા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર	૧૯૧૨૩	૨૩.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૫:૦૦
વડોદ	૧૧ કે.વી. ઉમા	બમરોલી	ઉમા ઈન્ડ ને આજુબાજુના વિસ્તાર	૧૯૧૨૩	૨૩.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
ડુમસ	૧૧કે.વી એકુઆ ફાર્મ	મગદલ્લા	ઝીંગા ફાર્મ,સેટેલાઈટ બંગ્લોને આજુ બાજુનો વિસ્તાર	૧૯૧૨૩	૨૩.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
વેસુ-૨	૧૧ કે.વી સંગીની	અલથાણ	સાંઈદ્વાર,મોહનદ્વાર અને મેહન્દીપુરમ બાલાજી મંદિર અને તેની આજુબાજુના વિસ્તાર	૧૯૧૨૩	૨૩.૧૧.૨૦૨૬	૧૦:૦૦ થી ૧૬:૦૦
જીઆવ	૧૧કે.વી બાલકૃષ્ણ	બમરોલી	બાલ કૃષ્ણ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી	૧૯૧૨૩	૨૪.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
વેસુ-૨	૧૧ કે.વી ખાટીવાલા	મગદલ્લા	ખાટીવાલા સ્કૂલ ની આજુબાજુનો વિસ્તાર, રૂંઢ તથા મગદલ્લા	૧૯૧૨૩	૨૪.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
મોરા	૧૧ કે.વી જુના ગામ	ઈચ્છાપોર	જુના ગામ,સુવાલી અને રાજગરી ને આજુબાજુ ના વિસ્તાર	૧૯૧૨૩	૨૪.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
વડોદ	૧૧ કે.વી માનવ	વડોદ	માનવ ઈન્ડ,આશાપુરી ઈન્ડ-૩	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૫:૦૦
જીઆવ	૧૧ કે.વી.શ્યામ	બમરોલી	શ્યામ અને કિષ્ના ઈન્ડ	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
ડુમસ	૧૧ કે.વી ડુમસ	મગદલ્લા	ડુમસ ગામ ને આજુબાજુના વિસ્તાર	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
ખજોદ	૧૧કે.વી અમુલ	અલથાણ	ખજોદ વેસ્ટ ડિસ્પોઝલ સાઈટ	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૧૦:૦૦ થી ૧૬:૦૦
ભીમરાડ	૧૧ કે.વી રઘુવીર	અલથાણ	ભીમરાડ કેનાલ રોડ ને આજુબાજુના વિસ્તાર	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૧૦:૦૦ થી ૧૬:૦૦
ભીમરાડ	૧૧કે.વી ભગવાન મહાવીર	અલથાણ	ભીમરાડ ગામ ને આજુબાજુનાં વિસ્તાર	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૧૦:૦૦ થી ૧૬:૦૦
ભીમરાડ	૧૧ કે.વી ભીમરાડ	અલથાણ	સરસાના ગામ ને આજુબાજુના વિસ્તાર	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૧૦:૦૦ થી ૧૬:૦૦
મોરા	૧૧ કે.વી હાયડ્રો કાર્બન	ઈચ્છાપોર	હજીરા ગામ આજુબાજુ વિસ્તાર	૧૯૧૨૩	૨૫.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
ખજોદ	૧૧ કે.વી મંગલમ	મગદલ્લા	આગમ શોપિંગ વર્લ્ડ ને આજુબાજુના વિસ્તાર	૧૯૧૨૩	૨૬.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
વડોદ	૧૧ કે.વી વિશ્વકર્મા	વડોદ	સુરજ સ્મોલ,મહેરામણ ઈન્ડસ.	૧૯૧૨૩	૨૬.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૭:૦૦
વડોદ	૧૧ કે.વી વિનાયક	બમરોલી	હરી ઓમ ઈન્ડ	૧૯૧૨૩	૨૬.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
વેસુ-૨	૬૬ કે.વી. વેસુ-૨ સબ સ્ટેશન માંથી નીકળતા ૧૧ કે.વી. ફિડરો(શિલ્પ,રત્ન જ્યોતિ, શુભ,સ્ટેશન,હરિ ઓમ,સ્ટાર ગેલેક્સી)	પીપલોદ, મગદલ્લા	વેસુ અને મગદલ્લા વિસ્તાર	૧૯૧૨૩	૨૬.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
ઈચ્છાપોર	૧૧ કે.વી L&T	ઈચ્છાપોર	કવાસ ને ઈન્ડસ્ટ્રીયલ ની આજુબાજુ ના વિસ્તાર	૧૯૧૨૩	૨૬.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૬:૦૦
વેસુ-૨	૧૧કે.વી સમર્થ	મગદલ્લા	મગદલ્લા ગામ અને એલ & ટી કોલોની	૧૯૧૨૩	૨૬.૧૧.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
વડોદ	૧૧ કે.વી પવનપુત્ર અર્બન	વડોદ